Extra No. 74

REGISTERED NO. G/GNR/2

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

VOL. XLII ] MONDAY, AUGUST 6, 2001 / SRAVANA 15, 1923

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

## PART - IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other Parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૬ટ્ઠી ઓગસ્ટ, ૨૦૦૧

તારીખ ૬ટ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ડી. ડી. ઉપાધ્યાય,
સરકારના નાયબ સચિવ.

## GUJARAT ACT NO. 12 OF 2001.

## THE GUJARAT PANCHAYATS (SECOND AMENDMENT) ACT, 2001.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૦૧ના ઓગષ્ટ મહિનાની ૩જી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વી. એમ. કોઠારે,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

## GUJARAT ACT NO. 12 OF 2001.

## AN ACT

*further to amend the Gujarat Panchayats Act, 1993.*

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૧ ના ઓગષ્ટ મહિનાની ૬ઠ્ઠી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

**સન ૨૦૦૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૨.**

**ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.**

આથી, ભારતના ગણરાજ્યના બાવનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ—

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.** ૧. (૧) આ અધિનિયમ ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૦૧ કહેવાશે.

(૨) તે સન ૨૦૦૧ના મે મહિનાની ૧લી તારીખે અમલમાં આવ્યો છે તેમ ગણાશે.

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

**સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨નો સુધારો.** ૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં, ખંડ (૧૩) કમી કરવો.

**સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૦૦નો સુધારો.** ૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦૦માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૨) કમી કરવો.

**સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૦૨નો સુધારો.** ૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦૨માં,—

(ક) પેટા-કલમ (૧)માં, "અથવા ઓકટ્રોઈ વસૂલ કરવા માટે" એ શબ્દો કમી કરવા;

(ખ) પેટા-કલમ (૩)માં, "યથાપ્રસંગ, ફી અથવા ઓકટ્રોઈ" એ શબ્દો જે બે જગ્યાએ આવે છે, ત્યાં તેને બદલે, "ફી" એ શબ્દ મૂકવો;

(ગ) પેટા-કલમ (૪)માં, "યથાપ્રસંગ, એવી કોઈ ફી અથવા ઓકટ્રોઈ" એ શબ્દોને બદલે, "એવી કોઈ ફી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૧૬ કમી કરવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧૬ કમી કરવી.

રદ કરવા બાબત અને અપવાદ.

સન ૨૦૦૧નો ગુજરાત વટહુકમ ૪થો.

૬. (૧) ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, ૨૦૦૧ આથી રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું છે એમ ગણાશે.

-----------

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.